I & M Dept.
IWDM (Registry)
ક્રમ્યુ. સો૧
18 MAY 2016
Sr./Office
COMM... ૩૦૨૫૨૫/૨૬

**માટીકામ કારીગરો માટેની સાધન સહાય યોજના અન્વયે ૫૦ ટકાને બદલે ૭૫ ટકા સબસીડી આપવા બાબત**

**ગુજરાત સરકાર**
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બજટ/૧૦૨૦૧૬/૫૭(૬૧૦૯૪)/ખ-૧
સચિવાલય ગાંધીનગર
**તા. ૧૨/૦૫/૨૦૧૬**

**વંચાણે લીધાઃ**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાકઃ બજટ-૧૦૨૦૦૮-૧૭૨-ખ૧ તા. ૩૧-૩-૨૦૦૮

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ આરટીઆઈ-૧૦૨૦૧૪/૫૩૦ (૩૯૦૬૪૩) ખ૧, તા. ૩૦-૭-૨૦૧૪

(૩) કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોધોગ, ગાંધીનગરનો તા. ૨૫/૦૪/૧૬ નો પત્ર ક્રમાંકઃ તલમ/૦૧/ગ-૧/૪૦૫/૨૦૧૬

**પ્રસ્તાવનાઃ**

રાજય સરકાર દ્વારા માટીકામ કારીગરોના ઉત્પાદનો તૈયાર કરવાની ઉત્પાદન પ્રક્રિયા સરળ બનાવવા અને આરોગ્ય સામેનું જોખમ ઘટાડવાના હેતુથી સરકારે ૫૦ ટકા સરકારની સહાય અને ૫૦ ટકા માટીકામ કરતા કારીગરના ફાળા મુજબ સંદર્ભ(૧)ના ઠરાવથી માટીકામના કારીગરોને પગમીલ અને / અથવા ઈલેકટ્રીક ચાકડો આપવાની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ માટીકામના કારીગરોને ૫૦ ટકા સરકારી સહાયથી પગમીલ અને ઈલેકટ્રીક ચાકડો આપવામાં આવે છે. આ ઉપરાંત સંદર્ભ (૨)ના ઠરાવથી કુંભારીકામના કારીગરના સમૂહોને ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાએ વિકસાવેલ નવીન સાધનો સબસીડીથી પુરા પાડવાની યોજના અન્વયે સંસ્થા દ્વારા વિકાસવેલ બ્લન્ઝર મશીન, પોટમીલ અને બોલ મીલ તથા માટીના દાણા પાડવાનું મશીન માટીકામ કારીગરોનો ૫૦ ટકા ફાળો ને ૫૦ ટકા સરકારી સબસીડીથી માટીકામના કારીગરોને આપવામાં આવે છે.

કુટિર અને ગ્રામોધોગ નીતિ ૨૦૧૬ માં માટીકામ કારીગરોને અપાતી સાધન સહાય યોજનામાં વધારો કરવાની બાબત વિચારવામાં આવેલી છે. માટીકામ કારીગરોના ઉત્પાદનો તૈયાર કરવાની ઉત્પાદન પ્રક્રિયા સરળ બનાવવા અને આરોગ્ય સામેનું જોખમ ઘટાડવાના હેતુથી ઉપરોકત બન્ને યોજના અન્વયે આપવામાં આવતા સાધનો ઉપરાંત સંસ્થા દ્વારા વિકાસાવવામાં આવેલ ટોગલ પ્રેસ માટીકામના કારીગરોને ૫૦ ટકા સરકારી સબસીડીના બદલે ૭૫ ટકા સબસીડીથી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજયના માટીકામ સાથે સંકળાયેલા કારીગરોના ઉત્પાદનો તૈયાર કરવાની ઉત્પાદન પ્રક્રિયા સરળ બનાવવા અને આરોગ્ય સામેનું જોખમ ઘટાડવાના હેતુથી ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી દ્વારા સંશોધિત કરેલ આધુનિક માટી ગુંદવાની પગમીલ, ઈલેકટ્રીક ચાકડો, બ્લન્ઝર મશીન, પોટ મીલ અને બોલ મીલ તથા માટીના દાણા પાડવાનું ગ્રેન્યુલર મશીન અને ટોગલ પ્રેસ માટીકામ કારીગરોનો ૨૫ ટકા ફાળો અને ૭૫ ટકા સરકારી સબસીડીથી પુરા પાડવાની બાબત નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

(૧) પ્રસ્તુત દરખાસ્તમાં જણાવ્યા પ્રમાણે હાલની કિમંત મુજબ નીચેની વિગતે કારીગરોનો ફાળો અને સરકારી સહાયથી સાધનો આપવાના રહેશે પરતું જે તે વર્ષની ખરીદ કિમંત મુજબ ૨૫ ટકા માટીકામ કારીગરોનો ફાળો મેળવી ૭૫ ટકા સરકારી સહાયથી સાધનો આપવાના રહેશે.

| ક્રમ | સાધન/મશીનનું નામ | હાલની કિમત રૂ. | માટીકામ કારીગરનો ફાળો રૂ. | સરકારી સહાય રૂ. |
|---|---|---|---|---|
| ૧ | પગમીલ | ૨૦૦૦૦ | ૫૦૦૦ | ૧૫૦૦૦ |
| ૨ | ઈલેકટ્રીક ચાકડો | ૫૦૦૦ | ૧૨૫૦ | ૩૭૫૦ |
| ૩ | બ્લન્ઝર મશીન | ૧૫૦૦૦ | ૩૭૫૦ | ૧૧૨૫૦ |
| ૪ | પોટમીલ અને બોલ મીલ | ૬૦૦૦૦ | ૧૫૦૦૦ | ૪૫૦૦૦ |
| ૫ | ગ્રેન્યુલર મશીન | ૨૫૦૦૦ | ૬૨૫૦ | ૧૮૭૫૦ |
| ૬ | ટોગલ પ્રેસ | ૨૫૦૦૦ | ૬૨૫૦ | ૧૮૭૫૦ |

(૨) સાધન સહાય માટે લાભાર્થીઓની પસંદગીના ધોરણો સંદર્ભ(૧) અને (૨) મુજબના ઠરાવ મુજબના રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્ધારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) વર્ષઃ ૨૦૧૬-૧૭ દરમ્યાન ૨૫ ટકા વધારાની સબસડી માટે તથા વધારાના લક્ષ્યાંક માટે નવી બાબતની દરખાસ્ત મુજબ જરૂરી રૂ. ૩૦.૩૧ લાખ ફાળવણી કરવામાં આવે છે. પ્રવર્તમાન નિયમોને આધિન જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખોત વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતોવખત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેના ખર્ચનું સદર નીચે મુજબ રહેશે.

**માંગણી નંબર : ૪૯ જનરલ પ્લાન**
**મુખ્ય સદર : ૨૮૫૧ ગ્રામ અને લઘુ ઉદ્યોગો અંગે મુડી ખર્ચ જોગવાઇ**
**ગૌણ સદર : ૨૦૦ અન્ય ગ્રામીણ ઉદ્યોગો**
**પેટા સદર : (૦૧)આઇએનડી-૩૦ ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન**
**વિગતવાર સદર : (૩૧૩૫) સહાયકી અનુદાન (ગ) અન્યને**
**કો.કો.નંબર : ૨૮૫૧ ૦૦ ૨૦૦ ૦૧**

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૬/૦૫/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તેમજ તેમના નામે.

(ડી.કે.રાઠોડ)
સેકશન અધિકારી
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, (કુટિર ઉદ્યોગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ–૧, સચિવાલય ગાંધીનગર
- માન. રાજય કક્ષાના મંત્રીશ્રી,(કુટિર ઉદ્યોગ) અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ–૨, સચિવાલય ગાંધીનગર
- સચિવશ્રી, (ખર્ચ) નાણાં વિભાગના અંગતમદદનીશ, બ્લોક નં–૪/૫, સચિવાલય ગાંધીનગર
- સચિવશ્રી, (કુટીર ઉદ્યોગ) ના અંગતમદદનીશ, બ્લોક નં–૫/૨, સચિવાલય ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,(કુટિર ઉદ્યોગ), બ્લોક નં–૭/૨, ઉદ્યોગ ભવન, સેકટર નં–૧૧, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- હિસાબી અને તિજોરી નિયામકશ્રી, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
- નાણાં સલાહકારશ્રી (ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેક્નોલોજી સંસ્થાન, સેક્ટર–૧૨, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર(કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી મારફતે)
- બજેટ શાખા/નાણાં શાખા/કોમ્પ્યુટર સેલ (વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા અર્થે) ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- પસંદગી ફાઈલ